સંક્ષિપ્ત સમાચાર

દેલવાડા નજીક માટી ભરેલું ડમ્પર પલટી ગયું

વાલોડ: વાલોડથી બારડોલી તરફના માર્ગ પર માટી ભરેલા ડમ્પરો પૂરઝડપે દોડી રહ્યા છે. ત્યારે સોમવારના રોજ સવારે દેલવાડા ગામ નજીક માટી ભરેલા ડમ્પરના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં રોડની સાઈડમાં પલટી ગયું હતું. જો કે, આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઇ ન હતી.

સ્યાદલા ગામે ઓડિશાના આધેડનું રહસ્યમય મોત

કીમ: મૂળ ઓડિશાના ગંજામના વતની અને હાલ સ્યાદલા ગામની રાજ મંદિર રેસિડેન્સીમાં રહેતા લાડુ દુધિષ્ટ્ર સ્વાઇ (ઉ.વ.૫૫) ગત તા.૪/૧/૨૦૨૬ના રોજ સવારે ૮ વાગ્યે કોઈને જણાવ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. બાદ તા.૫/૧/૨૦૨૬ના રોજ સાંજે ૫ વાગ્યે સ્યાદલા ગામના આનંદ ઇકો પાર્કના ગેટ પાસે, રોડની દીવાલ નજીક તેઓ મૃત હાલતમાં મળી આવ્યા હતા. આ બનાવ અંગે કીમ પોલીસને રાત્રે ૨૧:૦૫ વાગ્યે જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકને ખેંચની બીમારી હતી અને તેની દવાઓ પણ ચાલતી હતી. હાલ કીમ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કડોદ નજીક મોટર ચોરીથી ખેડૂતો હેરાન

કડોદ: કડોદથી આશરે પાંચ કિલોમીટર દૂર કાંકરાપાર ડેમમાંથી નીકળતી વલસાડ શાખા નહેર રતનીયા ગામની સીમમાંથી પસાર થાય છે. આ નહેરના કિનારે આવેલાં ખેતરોમાં છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતોની પાણી ખેંચવાની મોટર તથા તેના વીજ વાયરો ચોરાવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. નહેરની આસપાસ આવેલા કડોદ, વઢવાણિયા, નસુરા, મસાડ, સિંગોદ અને બામણી સહિતનાં ગામોના અનેક ખેડૂતો પોતાના ખેતરમાં સિંચાઈ માટે મોટરનો ઉપયોગ કરે છે. પરંતુ તાજેતરમાં રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો દ્વારા મોટર તથા તેની વીજ વાયરો ચોરી લઈ જવાની ઘટનાઓ વારંવાર બનતા ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

સેલારપુરના જંગલમાંથી મહિલાની લાશ મળી

વાંકલ: માંગરોળના સેલારપુર ગામના જંગલમાંથી 55 વર્ષીય મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. જંગલમાંથી રહસ્ય સંજોગોમાં એક મહિલાનો મૃતદેહ મળતાં ઝંખવાવ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ટુંડા ગામે ૨૦૦૦ લીટર દારૂ બનાવવાનું રસાયણ ઝડપાયું

સાયણ: સુરત ગ્રામ્યના ઓલપાડ પોલીસ સ્ટેશનના જવાનોએ બાતમીના આધારે ઓલપાડ કાંઠા વિસ્તારના ટુંડા ગામની શ્રીજીનગરીમાં રેડ કરી દારૂ બનાવવાનું મોટું નેટવર્ક ઝડપી પાડ્યું છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન એક મહિલા પોતાના ઘરના વાડામાં પ્લાસ્ટિકના બેરલ સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. તપાસ કરતા ત્યાંથી ૨૦૦ લીટરના ૧૦ બેરલમાંથી કુલ ૨૦૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો રસાયણ મળી આવ્યું હતું, જેની કિંમત રૂ.૫૦,૦૦૦ થાય છે. પોલીસે કંચનબેન મગનભાઈ પટેલની સ્થળ પરથી અટકાયત કરી છે. પૂછપરછમાં સુરતના દિનેશ મારવાડીનું નામ ખૂલતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે. પોલીસે નમૂના લઈ બાકીનો જથ્થો નાશ કરી કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્ય મંત્રી નરેશ પટેલ આજે તાપી જિલ્લાની મુલાકાતે

વાલોડ: ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ બુધવારે તાપી જિલ્લાની મુલાકાતે પધારશે. તેઓ, બપોરે ૪ કલાકે વ્યારા સરકીટ હાઉસ ખાતે વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશન-ગ્રામીણ (VB - G RAM G) અંગે પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપશે.

કોસાડી પ્રાથમિક શાળા ખાતે સમારંભ યોજાયો

સુરત: સુરત જિલ્લા પંચાયત સમિતિ સંચાલિત માંગરોળની કોસાડી ઉચ્ચતર પ્રાથમિક શાળા ખાતે વિદેશથી આવેલા આ શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારંભ શાળાના આચાર્ય અશ્વિનસિંહ વાસિયા દ્વારા રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં 30થી 35 ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. મહેમાનોએ આ શાળાના ભૂતકાળના દિવસો યાદ કર્યા હતા અને હાલની શાળા વિશે વાત કરી હતી. કાસિમ જીભાઈએ પણ પ્રસંગ અનુરૂપ વાત કરી હતી. શાળાના આચાર્ય અશ્વિનસિંહે દરેકનો આભાર માન્યો હતો.

ડેડિયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા

ભરૂચ: BTP પાર્ટીના સ્થાપક અને પીઢ આદિવાસી નેતા છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવા વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. દાહોદ ખાતે ચાલી રહેલી કોંગ્રેસની 'જનઆક્રોશ યાત્રા' દરમિયાન તેમણે કોંગ્રેસનો હાથ પકડ્યો છે. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી હાજર રહ્યા હતા અને તેમણે મહેશ વસાવાને કોંગ્રેસનો ખેસ પહેરાવી પક્ષમાં સ્વાગત કર્યું હતું. કાળીમહુડી ખાતે શક્તિ પ્રદર્શન કોંગ્રેસની ગુજરાત જનઆક્રોશ યાત્રા હાલ દાહોદ જિલ્લામાં ફરી રહી છે. ઉલ્લેખનીય છે કે ડેડિયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા અગાઉ BJPમાં જોડાયા બાદ થોડા સમયમાં રાજીનામું ધરી દીધું હતું. મંગળવારે પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા કોંગ્રેસની કંઠી પહેરીને વિધિવત જોડાયા છે. કોંગ્રેસમાં જોડાયા બાદ મહેશ વસાવાએ ભાજપ અને આપ પર આકરા પ્રહારો કર્યા હતા.

શિવકથા સાંભળી પરત ફરતા વૃદ્ધાનું અકસ્માતમાં મોત

પલસાણા: બારડોલીની કેસરકુંજ સોસાયટીમાં રહેતા 60 વર્ષીય અંગુરીબાઈ રાજેન્દ્ર અગ્રવાલ ગત સોમવારે પલસાણા ખાતે શિવકથા સાંભળવા ગયા હતા. સાંજે આશરે 6:30 વાગ્યાના અરસામાં કથા પૂરી કરી તેઓ પરત ફરી રહ્યા હતા, ત્યારે સાબર હોટલની સામે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર આ અકસ્માત સર્જાયો હતો. MH-12-TV-8192 નંબરની મહિન્દ્રા પીકઅપ ગાડીના ચાલકે પોતાના કબજાનું વાહન ગફલતભરી રીતે હંકારી અંગુરીબાઈને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઇજાઓ થતા વૃદ્ધાને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે પલસાણા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

ડેડિયાપાડામાં પુસ્તકાલયનો સમય વધારવા વિદ્યાર્થીઓની માંગણી

ડેડિયાપાડા: ડેડિયાપાડા ખાતે કાર્યરત સાર્વજનિક લાઈબ્રેરીના સમયમાં ફેરફાર કરવા અને રજાના દિવસોમાં પણ તેને ખુલ્લી રાખવા અંગે સ્થાનિક વિદ્યાર્થીઓ દ્વારા પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. હાલમાં ડેડીયાપાડા હાલ એક જ લાઈબ્રેરી છે. જેનો સમય સવારના ૪થી રાત્રે ૯ વાગ્યા સુધીનો છે અને દર સોમવારે ત્યાં રજા રાખવામાં આવે છે. જો કે, વિસ્તારના અનેક વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની ગંભીરતાપૂર્વક તૈયારી કરી રહ્યા હોય, તેઓને અભ્યાસ માટે પૂરતો સમય અને યોગ્ય વાતાવરણની જરૂરિયાત ઊભી થઈ છે. વિદ્યાર્થીઓએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે, લાઈબ્રેરીનો સમય સવારે સાત વાગ્યાથી રાત્રે પોણાબાર વાગ્યા સુધી કરવામાં આવે તો તેઓ વહેલી સવારે અને મોડી રાત્રે એકાગ્રતા સાથે વધુ સારી રીતે વાંચન કરી શકે તેમ છે. આ ઉપરાંત, સોમવારની અને અન્ય રજાઓના દિવસે પણ જો માત્ર વાંચનાલય વિભાગ ખુલ્લો રાખવામાં આવે, તો તેમનો કીમતી સમય બગડતો અટકાવી શકાય.

બૌધાનમાં ટ્રક પલટતાં મહિલાનું મોત: પતિ અને બાળકનો બચાવ

નવા બ્રિજના નિર્માણ કાર્ય દરમિયાન બનેલી ઘટના

હિતેશ પટેલ

માંડવી: બૌધાનથી ઘલા જતા સ્ટેટ હાઈવે પર વાડિયા ખાડી પાસે નવા બ્રિજના નિર્માણ કાર્ય દરમિયાન એક ટ્રક અનિયંત્રિત થઈ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ટ્રકમાં સવાર અંજલિ નામની મહિલાનું મોત થયું હતું, જ્યારે તેના પતિ અને બે માસના પુત્રનો ચમત્કારિક બચાવ થયો હતો. મહિલા તેના પતિ અને પુત્ર સાથે ટ્રકમાં મુસાફરી કરી રહી હતી. વાડિયા ખાડી પર નવા બ્રિજનું કામ ચાલુ હોવાથી રસ્તો જોખમી બન્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. ટ્રક પલટી જતાં ઘટના સ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી અને આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા.

સ્થાનિકોએ તાત્કાલિક પોલીસ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. માહિતી મળતા જ પોલીસ અને 108ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મહિલાને તપાસ બાદ મૃત જાહેર કરવામાં આવી હતી. જ્યારે તેના પતિ અને પુત્રને પ્રાથમિક સારવાર માટે સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

હાલ બંનેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતને કારણે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

વાડિયા ખાડી વિસ્તારમાં બ્રિજનું કામ ચાલુ હોવા છતાં પૂરતી સુરક્ષા વ્યવસ્થા ન હોવા અંગે સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. પોલીસે અકસ્માતનાં કારણો અંગે વધુ તપાસ હાથ ધરી છે.

નોગામા નજીક ટ્રકની ટક્કરે બાઇક ચાલકનું મોત

માંડવી: નોગામા ગામ નજીક કીમ-માંડવી રોડ પર પૂરપાટ ઝડપે આવતી ટ્રકે બાઇકને ટક્કર મારતાં યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. માંડવીના ધરમપોરના નહેર ફળિયામાં રહેતો સંજયભાઈ વસાવા (ઉ.વ.૨૫) કીમ-માંડવી રોડ પર નોગામા ખાડીના પુલ પાસેથી બાઇક પર પસાર થઈ રહ્યો હતો. એ સમયે MH-46-BB-6366 નંબરની અશોક લેલેન્ડ કંપનીની ટ્રકના ચાલકે પૂરઝડપે ટ્રક હંકારી સંજયભાઈની મોટરસાઇકલને સામેથી ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે સંજયભાઈને માથા અને ચહેરાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. તેમના જમણા પગનો પંજો પણ શરીરથી અલગ થઈ ગયો હતો. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક પોતાની ટ્રક ઘટના સ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. આ અંગે મૃતકની પત્ની શિવાનીબેન વસાવાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

ઉચ્છલના ખાબદાના ખેડૂત સિંચાઈની સુવિધાથી વંચિત!

આદિવાસી ખેડૂત દ્વારા સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા તંત્રને લેખિત રજૂઆત

વ્યારા: ઉચ્છલના ખાબદા ગામના આદિવાસી ખેડૂત રમેશભાઈ હાતલ્યાભાઈ ગાવીતે પોતાના ખેતરમાં સિંચાઈની સુવિધા માટે ઉચ્છલ મામલતદારને લેખિતમાં રજૂઆત કરી સરકારની સિંચાઈ ઈરિગેશન યોજનાનો લાભ આપવાની માંગ કરવામાં આવી છે. ખેડૂત દ્વારા મામલતદારને આપવામાં આવેલી અરજીમાં ઉલ્લેખ કરાયો છે કે ઉચ્છલના ખાબદા ગામે રહેતા ખેડૂત રમેશભાઈ હાતલ્યાભાઈ ગાવીત સરવે નં.6 તેમજ ખાતા નં.130 વાળી જમીન પર માલિકી હક્ક ધરાવે છે, જેમાં ફક્ત ચોમાસા આધારિત ખેતી થાય છે ત્યારે ચોમાસા દરમિયાન બાકીની સિઝનમાં સિંચાઈના અભાવે પાક નિષ્ફળ જાય છે. અને ખેડૂત પોતાની જમીન હોવા છતાં બારેમાસ યોગ્ય ખેત ઉપજ લઈ શકતા નથી. ખેતરમાં એક બોરવેલ પણ કરાવવામાં આવ્યો હતો. જો કે, આ બોરમાં પણ પૂરતું પાણી ન હોવાથી ખેડૂતને સિંચાઈ માટે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે અને ખેતી કરવી અશક્ય બની જતાં ખેડૂતે સરકાર પર રોષ ઠાલવ્યો છે. ઉકાઈ ડેમ બન્યાનાં વર્ષો બાદ પણ આ ગામ તેમજ પોતાના ખેતરમાં ઉકાઈ ડેમનું પાણી પહોંચાડવામા સરકાર નિષ્ફળ રહી હોવાથી ખેડૂતે ગુજરાતના કહેવાતા વિકાસ મોડેલને પડકાર ફેંક્યો છે અને પોતાના ગામમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા સ્થાનિક તંત્રને લેખિત રજૂઆત કરી તાલુકા સ્વાગત કાર્યક્રમ હેઠળ સિંચાઈ માટે પડતી મુશ્કેલીનું નિવારણ લાવી સારું પાક ઉત્પાદન લઈ આર્થિક સ્થિતિમાં સુધારો આવી શકે એ માટે નિયમિત રીતે સિંચાઈની સગવડ ઊભી કરવા માટે ખેડૂતે વિનંતી કરી હતી.

DIR મેપિંગમાં ફરી પુરાવા માંગવામાં આવતાં લોકરોષ

યોગ્ય વ્યવસ્થાના અભાવે બારડોલીના નાગરિકોને ધક્કા ખાવાની નોબત

બારડોલી: બારડોલી નગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા અને મેપિંગની કામગીરી દરમિયાન અગાઉ જમા કરાવી દીધેલા દસ્તાવેજી પુરાવાઓ તંત્ર દ્વારા ફરીથી માંગવામાં આવતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ મામલે ચૂંટણી પંચના આદેશ મુજબ નગરપાલિકા કચેરી ખાતે બપોરે ૩થી 6 દરમિયાન મેપિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રક્રિયામાં જ્યારે નાગરિકો પહોંચ્યા, ત્યારે તેમની પાસે ફરીથી જન્મના દાખલા અને વાલીઓના પુરાવાઓની માંગણી કરવામાં આવી હતી. લોકોનો આક્ષેપ છે કે, અમે અગાઉ જ BLOને તમામ પુરાવા સુપરત કરી દીધા છે, તો ફરીથી શા માટે હેરાન કરવામાં આવે છે? એકતરફ પાલિકાના કર્મચારીઓ રોજિંદી કામગીરી અને મેપિંગના ભારણ હેઠળ દબાયેલા છે, ત્યારે બીજી તરફ યોગ્ય વ્યવસ્થાના અભાવે નાગરિકોને ધક્કા ખાવા પડી રહ્યા છે. જવાબદાર અધિકારીઓની ગેરહાજરીમાં મામલો વધુ બિચક્યો હતો. સ્થાનિક કોર્પોરેટર ફરીદ ગજિયાએ સ્થળ પર પહોંચી કર્મચારીઓની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા. ભારે ઉગ્ર દલીલો અને આક્રોશ બાદ માંડ વાતાવરણ શાંત પડ્યું હતું. વારંવાર એકના એક પુરાવા માંગવાની આ નીતિ સામે લોકોમાં તંત્ર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે.

મનરેગામાં મૃતકના નામે નાણાં જમા કરીને ઉચાપતનો 'ખેલ'

નિઝરની રાયગઢ ગ્રામ પંચાયતમાં મનરેગા કૌભાંડનો આક્ષેપ

કુકરમુંડા: નિઝરના રાયગઢ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ગંભીર ગેરરીતિ થયાનો આક્ષેપ સામે આવ્યો છે. મૃત વ્યક્તિના નામ ઉપર મનરેગા હેઠળ નાણાં ઉપાડવામાં આવ્યા હોવાના મુદ્દે નિઝર તાલુકા વિકાસ અધિકારી તથા મામલતદાર મારફતે જિલ્લા વિકાસ અધિકારી, તાપીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં ગામના જાગૃત નાગરિક અને અરજદાર લેલેશભાઈ વળવી દ્વારા જણાવાયું છે કે, રાયગઢ ગ્રામ પંચાયતના રહેવાસી તુકારામભાઈ ઢેલીયાભાઈ વળવીનું અવસાન તા.29/09/2018ના રોજ થયું હતું. તેમ છતાં તેમના નામે રહેલા બેંક ખાતાઓમાંથી તા.3/6/2021થી તા.26/6/2021 સુધીના 16 દિવસ તથા તા.21/6/2021થી તા.4/7/2021 સુધીના 12 દિવસની હાજરી બતાવી મનરેગા હેઠળ નાણાં ઉપાડવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે.

આ બાબતે મૃતકના પુત્રને, જે મહારાષ્ટ્ર રાજ્યના એક ગામમાં રહે છે, પૂછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે તેમને આ પ્રકારની કોઈ જાણકારી નથી. જેના કારણે મૃત તુકારામભાઈના નામે કોઈએ ગેરરીતિપૂર્વક નાણાં ઉપાડી લીધા હોવાનું સ્પષ્ટ થતું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

આ મુદ્દો હાલમાં ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે. રજૂઆતમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે રાયગઢ ગ્રામ પંચાયતમાં આ પ્રકારની ગેરરીતિ માત્ર એક કેસ પૂરતી સીમિત નથી, પરંતુ અન્ય અનેક લોકોના નામે પણ મનરેગાનાં નાણાં ઉપાડવામાં આવ્યાં છે. ઉપરાંત ગામના ગણેશ અશોક ચૌધરી, જે હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા છે તેઓ ઓબીસી વર્ગના હોવા છતાં તેઓએ પોતાને અનુસૂચિત જનજાતિ (એસટી) દર્શાવી મનરેગા હેઠળ નાણાં ઉપાડ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. હકીકતમાં તેઓ મહારાષ્ટ્રના રહેવાસી છે અને તૈલી સમાજના હોવાનું તથા તેમની લોકબોલી મરાઠી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આ ઉપરાંત તેમના પરિવારના તમામ સભ્યોના નામે આઈડી બનાવી મનરેગા હેઠળ નાણાં ઉપાડવામાં આવી રહ્યા હોવાનું પણ રજૂઆતમાં ઉલ્લેખાયું છે. આ તમામ મુદ્દાઓની યોગ્ય અને નિષ્પક્ષ તપાસ કરી દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે જિલ્લા વિકાસ અધિકારી તાપીને રજૂઆત કરવામાં આવી છે.

સાયણમાં પરપ્રાંતીય શ્રમજીવી યુવકે જીવન ટુંકાવ્યું

સાયણ: મૂળ ઓરિસ્સાના ગંજામનો વતની અનિલ રવિન્દ્રનાથ નાહક (ઉ.વ.૨૩) હાલ સાયણ સુગર રોડ ઉપર આવેલા જગન્નાથ એપાર્ટમેન્ટના ફ્લેટ નં.૨૦૫માં રહેતો હતો. ટેક્સટાઇલ યુનિટમાં કામ કરતા અનિલ નાહકે ગત સોમવાર, તા.૫ના રોજ સવારે ૯થી ૧૦ વાગ્યાના સમયગાળામાં પોતાના રૂમની છતના પંખાની હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી મોતને વહાલું કર્યું હતું.

નઘોઈ ગામના એસ.ટી. કંડક્ટરનું કાર અડફેટે મોત

સાયણ: કીમ-ઓલપાડ રોડ પર ગત સોમવારે સવારે આશરે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં પૂરઝડપે આવતી કારે બાઇકને ટક્કર મારતાં એસ.ટી. કંડક્ટરનું મોત નીપજ્યું હતું.

મૂળ નઘોઈ ગામના વતની અને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના ઓલપાડ ડેપોમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા મુકેશભાઈ અરવિંદભાઈ પટેલ (ઉં.વ.આશરે ૫૦) બાઇક નં.(GJ-05-PJ-1517) લઈ ગેરેજથી પરત ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન ઓલપાડ ટાઉનની શિવમનગર સોસાયટી સામેના રોડ કટ પાસેથી પસાર થતી વખતે પાછળથી આવતી એક કાળા કલરની ક્રિયા કંપનીની 'સોનેટ' કાર નં.(GJ-05-RP-7883)એ તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ બનાવમાં મુકેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઓલપાડ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકના ભાઈ મનોજભાઈ પટેલે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ઓલપાડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ ગોહિલને સોંપી છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

श्रीधर सोसायटी शाखा : ઝાડેશ્વર ચોકડી નજીક, ભરૂચ, ગુજરાત
E mail: shreed@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ-સેકશન (૨) હેઠળ દેવાદાર નોટીસ

પ્રતિ
શ્રી જયંતીભાઈ રાઘાભાઈ વસાવા અને શ્રીમતી નયનાબેન વસાવા, સરનામું : પ્લોટ નં. ૪૮ માડુની રેસીડન્સી, ગ્રીન વેલી હોમ્સ ની બાજુમાં, ઝઘડિયા વાલીયા રોડ, સુલતાનપુરા- ૩૯૩૧૧૦.

સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨, (હવે પછી 'એકટ' તરીકે ઓળખાશે) ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ એકાઉન્ટ: શ્રી જયંતીભાઈ રાઘાભાઈ વસાવા અને શ્રીમતી નયનાબેન વસાવા.

મહેરબાનશ્રી,
વિષય : અમારી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ભરૂચ, ભરૂચ, ભરૂચ રિજન માં થી મેળવેલ ક્રેડીટ સુવિધા.

૧. અમારા **તા. ૦૬.૧૨.૨૦૧૯ અને ૦૯.૧૨.૨૦૧૯** ના પત્ર ક્રમાંક Retail-00000197111-LMS & Retail - 00000198051-LMS માં બેંકની બાકી અંગે ના પત્રના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીક સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર	બાકી ૦૫.૦૧.૨૦૨૬ ના રોજ	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા હોમ લોન ટેકઓવર (૪૦૮૯૦૬૦ ૦૦૦૦૭૪)	રૂા. ૧૦,૨૩,૬૯૩/-	BRLLR+ 0,05 + એટલે ૮.૪૦ %+ હાલનું માસિક રેસ્ટ	રૂા. ૭,૮૫,૮૬૩/- + રૂા. ૨૭૨૪૩.૩૧/- લાગુ નહી કરેલ વ્યાજ+ કાનુની ચાર્જીસ + અન્ય હાજર ચાર્જીસ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત માડુની રેસીડન્સી નો પ્લોટ નં. ૪૮, પ્લોટ એરીયા માપ ૫૩.૫૩ ચો.મીટર, અને વણવહેચાયેલ હિસ્સા માપ ૧૦.૭૦ ચો.મીટર, કુલ માપ ૬૪.૨૩ ચો.મીટર જમીન નવો રેવન્યુ સર્વે નં.૫૦૦ અને ૪૩૪ (જુનો રેવન્યુ સર્વે નં. ૩૬૩ – એ+ બી) કુલ માપ ૧૨૮૬૩.૦૦ ચો.મીટર મોજે ગામ. સુલતાનપુરા, તા. ઝઘડિયા, અને જી. ભરૂચ, ખાતે શ્રી જયંતીભાઈ રાઘાભાઈ વસાવા અને શ્રીમતી નયનાબેન વસાવા ની માલિકી ની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૫૧, **પશ્ચિમ તરફ** : ૬.૦૦ મીટર રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૪૭, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૪૯ આવેલ છે.
બરોડા હોમ લોન ટોપ અપ લોન (૪૦૮૯૦૬૦ ૦૦૦૦૭૪૧)	રૂા.૨,૬૯,૦૦૦/-	BRLLR+ 1,35 + એટલે ૯.૨૫ %+ હાલનું માસિક રેસ્ટ	રૂા. ૨,૧૦,૧૯૩/- + રૂા.૨૮૫૮/- લાગુ નહી કરેલ વ્યાજ+ કાનુની ચાર્જીસ + અન્ય હાજર ચાર્જીસ	
કુલ :			રૂા. ૧૦,૨૬,૧૫૮.૩૧/- લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની ચાર્જીસ + અન્ય ચાર્જીસ	

૨. તા. ૧૦/૧૨/૨૦૧૯ અને ૧૦/૧૨/૨૦૧૯ ના રોજ તમે લોન ના કરારા પત્રમાં બેંક પ્રત્યેની જવાબદારી રૂા. ૧૦,૨૩,૬૯૩.૦૦ અને રૂા. ૨,૬૯,૦૦૦.૦૦, તા.૧૦/૧૨/૨૦૧૯ અને ૧૦/૧૨/૨૦૧૯ ના રોજ ની સ્વીકારી છે. ઉપર જણાવેલ બાકી રકમમાં અનુક્રમે તા. ૧૦/૧૨/૨૦૧૯ અને ૧૦/૧૨/૨૦૧૯ સુધીના વધુ ડ્રોઈંગ અને વ્યાજનો સમાવેશ થાય છે. ખાતામાં ડેબિટ થયેલા અન્ય ચાર્જીસ રૂા....

૩. તમે જાણો છો કે તમે **સપ્ટેમ્બર- ૨૦૨૫** ની ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૦૯.૧૧.૨૦૨૩** ના રોજ અને ત્યારબાદ બેંકની ટર્મ લોન / ડીમાન્ડ લોન ના હપ્તા ચુકવવામાં કસુર કરેલ છે.

૪. તમે કરેલ કસુર બદલ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ તમારૂ ટર્મ લોન એકાઉન્ટ **તા.૧૫.૧૨.૨૦૨૫** ના રોજ **નોન-પરફોર્મીંગ એસેટ** તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ સહિત ચુકવ્યા નથી.

૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૧૦,૨૬,૧૫૮.૩૧/-(રૂપિયા દસ લાખ છવ્વીસ હજાર એકસો અઠ્ઠા